સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના વધુ આઠ કેસ, કુલ ૧૧૨૪

હિંમતનગર શહેર અને તાલુકામાં છ કેસ, વડાલી અને વિજયનગરના બિલડીયામાં એક કેસ

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લામાં ગુરૂવારે કોરોના પોઝેટીવના નવા આઠ કેસ સાથે કુલા આંકડો ૧૧૨૪ થયો છે. જો કે તે પૈકી ૧૦૨૫ લોકો સાજા થયા છે અને અત્યારે હાલ જિલ્લાની વિવિધ હોસ્પિટલોમાં ૮૯ દર્દીઓ સારવાર હેઠળ છે.

જિલલા આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવાયા મુજબ બુધવારે સાંજે પાંચ વાગ્યાથી ગુરૂવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં જે નવા આઠ કેસ નોધાયા છે તે પૈકી હિંમતનગરના અશ્વમેધ એપાર્ટમેન્ટમાં ૫૩ વર્ષિય મહિલા, પરબડામાં ૩૫ વર્ષિય પુરૂષ, ગામડીમાં ૪૪ વર્ષિય પુરૂષ, ગઢા ગામમાં ૩૦ વર્ષિય પુરૂષ જ્યારે હિંમતનગરની રામબાગ સોસાયટીમાં ૪૨ વર્ષિય પુરૂષ તથા શ્રીનગર સોસાયટીમાં ૪૮ વર્ષિય મહિલા કોરોના પોઝેટીવમાં સપડાયા છે.

તે ઉપરાંત વડાલીના સગરવાસમાં રહેતા ૬૫ વર્ષિય પુરૂષ અને વિજયનગર તાલુકાના બિલડીયા ગામમાં રહેતા ૨૧ વર્ષિય મહિલાનો કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે. જોકે તંત્ર ધ્વારા જે ગામમાં જે પરીવારમાં કોરોના પોઝેટીવના કેસ નોધાયા છે તેમને હોમકોરોન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. જિલ્લામાં અત્યાર સુધી કોરોના પોઝેટીવનો કુલ આંક ૧૧૨૪ પર પહોચી ગયો છે. જેમાં જોવા જઈએ તો સોથી વધુ કેસ હિંમતનગર તાલુકામાં ૫૧૩ થયો છે.

સાથોસાથ પ્રાંતિજ તાલુકામાં ૧૨૧, ઈડરમાં ૨૧૬, તલોદમાં ૧૧૦, વડાલીમાં ૬૯, ખેડબ્રહ્મામાં ૫૧, વિજયનગરમાં ૩૧ જ્યારે સોથી ઓછા પોશીના તાલુકામાં કોરોના પોઝેટીવના ત્રણ કેસ છે. કોરોનાના કારણે મોતને ભેટનારમાં હિંમતનગર તાલુકાના ૩, પ્રાંતિજ, ઈડર, તલોદમાં બે, વડાલીમાં એક મળીને કુલ મૃત્યુ આંક ૧૦ થયો છે.

પ્રાંતિજ સહિત તાલુકામાં નવરાત્રી ઉપર કોરોનાનું ગ્રહણ જોવા મળ્યું

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં આ વર્ષે નવરાત્રીમાં કોરોનાનુ ગ્રહણ લાગતા માઈ ભકતોની સાથે નવરાત્રી રસિકોમાં પણ નિરાશા જોવા મળી છે. આરતી બાદ માત્ર કરવઠાના પાંચ ગરબા ગવાય છે તો નવરાત્રી દરમ્યાન સરકારની ગાઈડ લાઈનનું પુરેપૂરૂ પાલન પણ થતું જોવા મળ્યું રહ્યું છે. માસ્ક સાથે સોશિયલ ડીસન્ટન સાથે કરવઠાના પાંચ ગરબા ગવાયા હતા.

આ વર્ષે કોરોનાના કહેરને લઈને નવરાત્રી ઉપર પણ ગ્રહણ લાગ્યું છે. સરકાર દ્વારા પણ કોરોનાના ગ્રહણને લઈને નવરાત્રી માટે વિવિધ મંડળોને મંજુરી આપી નથી માત્ર આરતીની છુટછાટ આપી છે. ત્યારે પ્રાંતિજ સહિત તાલુકામાં સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ આ વર્ષે નવરાત્રીની ઉજવણી કરવામાં આવી રહી છે. વર્ષોથી થતાં શેરી ગરબા ઉપર કોરોનાનું ગ્રહણ જોવા મળ્યું હતુ. સરકાર દ્વારા આરતીની છુટછાટ આપી છે. પ્રાંતિજ સહિત તાલુકામાં સરકારની ગાઈડ લાઈનનુ પુરેપૂરૂ પાલન થઇ રહ્યું છે. મા ની આરતી બાદ માત્ર કરવઠાના પાંચ ગરબા ગાવામાં આવે છે ત્યારે પ્રાંતિજના સુપ્રસિધ્ધ બ્રહ્માણી મંદિર ખાતે પણ આરતી બાદ માત્ર કરવઠાના પાંચ ગરબા ગાવામાં આવ્યા હતા. માથે ગરબો લઈને મા ના ચોકમા પાંચ ગરબા ધુમતા નજરે પડયા હતા. સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ સોશીયલ ડીસન્ટન અને દરેક ગરબા રસિકો ફરજીયાત માસ્ક સાથે ગરબા ધુમ્યા હતા. પાંચમાં નોરતે બ્રહ્માણી મા નો જન્મ દિવસ હોય મંદિર ખાતે માત્ર સાદગીભરી રીતે કેક કાપીને મા ના જન્મ દિવસની ઉજવણી કરી હતી.

પ્રાંતિજના રેલ્વે સ્ટેશન ખાતે પણ આવેલ મહાકાલી મંદિર ખાતે પણ કોરોનાના ગ્રહણને લઈને માત્ર આરતી સાથે પાંચ ગરબા કરવઠાના ગરબા ગાવામાં આવ્યા હતા. સરકારની ગાઈડ લાઈન મુજબ સોશીયલ ડીસન્ટન જોવા મળ્યો હતો, દરેક ગરબા રસિકા એ ફરજીયાત માસ્ક પહેરેલું જોવા મળ્યું હતું.

પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારોમાં આવેલ બારોટવાસ ખાતે પણ માની આરતી બાદ મહોલ્લાના રહીશો દ્વારા કરવઠાના પાંચ ગરબા ગાયા હતા અને ગરબા ગાતી વખતે ગરબા રસિકો ફરજીયાત માસ્ક પહેરેલું જોવા મળ્યું હતું. સરકારની ગાઈડ લાઈન મુજબ સોશીયલ ડીસન્ટન પણ અહી જોવા મળ્યો હતો. ત્યારે આ વખતે નવરાત્રીમાં કોરોનાનુ ગ્રહણ લાગતા ગરબા રસિકોમા નિરાશા પણ જોવા મળી રહી છે ત્યારે માત્ર આરતી બાદ કરવઠાના પાંચ ગરબા ગાઈને અડધો કલાકમાં કાર્યક્રમ હાલ તો સમેટી લેવામાં આવે છે ત્યારે નવરાત્રી દરમ્યાન વિશ્વ કલ્યાણ અર્થે પ્રાર્થનાઓ પણ કરવામાં આવી રહી છે.

અરવલ્લી એસપી સંજય ખરાતે રક્તદાન કરી અન્ય લોકોને 'રક્તદાન એ શ્રેષ્ઠ દાન' પુરવાર કર્યું

૨૧મી ઓક્ટોબરના દિવસને પોલીસ શહીદ દિનના દિવસે અરવલ્લી જીલ્લામાં જીલ્લા પોલીસતંત્ર અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના ઉપક્રમે પોલીસકર્મીઓએ પોતાની ફરજની સાથેસાથે દેશભક્તિ અને

રાષ્ટ્રપ્રેમને સમર્પિત થઈને કોરોનાના આ કપરા સમયે લોકોની મદદ માટે બ્લડ ડોનેશનનું ઉમદા કાર્ય કર્યું હતું. અરવલ્લી જીલ્લા પોલીસે ન્યુ લીપ હાઈસ્કૂલ, ભિલોડા પોલીસ સ્ટેશન અને બાયડ પોલીસ સ્ટેશને રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે રકતદાન કરી 'રક્તદાન મહાદાન...ટીપે ટીપે જીવતદાન'ની યુક્તિને સાર્થક કરી અન્ય લોકોને પ્રેરણા આપી હતી.

અરવલ્લી જિલ્લા પોલીસ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સયુંકત ઉપક્રમે કોરોનાની મહામારી વચ્ચે લોકો બ્લડ ડોનેશન કરતા ખચકાટ અનુભવી રહ્યા છે ત્યારે દર્દીઓ અને જરૂરિયાતમંદ માટે લોહીની ખપતના પડે તે માટે બ્લડ ડોનેશન કેમ્પ યોજયો હતો. મોડાસા શહેરમાં આવેલ ન્યુ જેમાં ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે, ભિલોડા પોલીસ સ્ટેશન, બાયડ પોલીસ સ્ટેશન રક્તદાન કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે પ્રથમ બ્લડ ડોનેટ કરીને શરૂઆત કરી હતી. સોશિયલ ડિસ્ટન્સ રાખીને તેમજ સૅનેટાઇઝ મશિન મૂકીને પુરી તકેદારી રાખવામાં આવી હતી. સવારે ૯.૩૦ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ, ટીઆરબી, હોમગાર્ડ જવાનો અને સ્વૈચ્છીક સંસ્થાઓના કાર્યકર્તાઓ અને રક્તદાતાઓએ ઉમળકાભેર રક્તદાન કેમ્પમાં બ્લડ ડોનેશન કરતા ૩૫૦ થી વધુ યુનિટ એકત્ર કરવામાં આવ્યું હતું. ભિલોડા પીએસઆઈ રાજપૂત તેમની ટીમે અને બાયડ મહિલા પીઆઈ ગોહિલ અને તેમની ટીમે રકતદાન માટે ભારે જહેમત ઉઠાવી હતી. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના ચેરમેન ભરત પરમાર અને તેમની ટીમે ત્રણ સ્થળે રક્તદાતાઓ માટે મેડિકલ ટીમ સાથે સુસજ્જ બની સુવિધા પુરી પાડી ઉમદા કાર્ય કર્યું હતું.

અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા કોરોનાના આવા સમયે લોકોની મદદ કરવાના આશયથી સતત ભગીરથ કાર્યો કરવામાં આવે છે. આ બ્લડ ડોનેશન મારફતે લોકોને નવજીવન માટે કામ લાગશે અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અરાવલ્લીએ રક્તદાતાઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા.

કૈલાદેવી પાર્કમાં મહિલાને ત્રાસ અપાતા ત્રણ સામે ફરીયાદ

હિંમતનગર, તા.૨૨

હિંમતનગરના મહાવીર નગર વિસ્તારમાં આવેલ કેલાદેવી પાર્કમાં રહેતી એક મહિલાને તેણીના પતિ તથા સસરા અને જેઢ ધ્વારા અવાર નવાર ઝગડા કરી શારિરીક માનસિક ત્રાસ આપી જાનથી મારી નાખવાની ધમકી અપાતી હોવાની ફરીયાદ બુધવારે મહિલા પોલીસ સ્ટેશનમાં નોધાવા પામી હતી.

આ અંગે કેલાદેવી પાર્કમાં રહેતી જવનીકાબેન જીગરભાઈ દરજીએ નોધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ તેણીને તેના પતિ જીગરભાઈ પ્રવિણભાઈ દરજી, સસરા પ્રવિણભાઈ રમણલાલ દરજી અને જેઢ ગોરવભાઈ પ્રવિણભાઈ દરજી (મુળ રહે. વદરાડ, તાં.પ્રાંતિજ) ધ્વારા અવાર નવાર ઘરકામ બાબતે જવનીકાબેન સાથે ઝગડા કરાવીમાં આવતા હતા. તથા નાનીનાની બાબતોમાં તકરાર કરી શારિરીક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. તેમજ પ્રવિણભાઈ દરજી તથા ગોરવભાઈ દરજી ધ્વારા જવનીકાબેનના પતિ જીગરભાઈને ચઢામણી કરવામાં આવતી હતી જેથી આ ત્રણેય જણા જવનીકાબેનને જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા એટલે કંટાળીને જવનીકાબેને પતિ, સસરા અને જેઠ વિરૂધ્ધ બુધવારે હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવી હતી.

કિફાયતનગરમાં શ્રમિકે પત્નિનું ઢીમ ઢાળી દીધુ

હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનની હદમાં આવેલ કિફાયતનગર વિસ્તારમાં એક મકાનનું કામ કરી રહેલ દાહોદ જિલ્લાના ઝાલોદ આસપાસ રહેતો એક શ્રમિક પરીવાર કડીયા કામ કરવાના અર્થે આવ્યો હતો. દરમિયાન ગુરૂવારે બપોરે જે સ્થળે કામ કરી રહ્યા હતા ત્યાં પતિ પત્નિ વચ્ચે ગમે તે કારણસર થયેલા ઝગડા બાદ અચાનક ઉશ્કેરાઈ ગયેલા પતિએ પત્નિના માથામાં ઈંટનો જોરદાર ફટકો મારીને ઢીમ ઢાળી દીધુ હતુ. ત્યારબાદ ગ્રામ્ય પોલીસે ઘટના સ્થળે જઈ હત્યારા પતિની અટકાયત કરી લઈ તે અંગે મૃતકના પરીવારને જાણ કરી દીધી હતી. ઝાલોદ આસપાસ રહેતા રાકેશકુમાર કાળાભાઈ મુનીયા તથા તેની પત્નિ આશાબેન અને બે બાળકો સાથે હિંમતનગર નજીક આવેલ કિફાયતનગરમાં એક ખાનગી મકાનમાં કડીયા કામ કરતા હતા. જોકે કામ દરમિયાન તેમનો આઠ વર્ષનો પુત્ર અને નાની બાળકીને સાથે રાખતા હતા. જ્યા મોટોભાઈ નાની બહેનને સાચવતો હતો. બીજી તરફ ગુરૂવારે બપોરના સમયે રાકેશભાઈ મુનીયા તથા તેમની પત્નિ આશાબેન કામ કરી રહ્યા હતા ત્યારે ગમે તે કારણસર બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ આ બોલાચાલી ભયંકર ઝગડામાં પરીણમી હતી જ્યા ઉશ્કેરાયેલા પતિ રાકેશકુમાર મુનીયાએ ઈંટ વડે પત્નિ આશાબેનના માથમાં જોરદાર ફટકો મારી દીધો હતો. જેથી લોહીલુહાણ હાલતમાં આશાબેન બેભાન થઈને ઢળી પડ્યા હતા.

વડગામના મગરવાડા તિર્થ સ્થાને પાંચમે કરવઠાનો યજ્ઞ

સોશ્યલ ડિસ્ટન્સ સહિત સરકારની ગાઈડલાઈનનો ચુસ્ત અમલ

વડગામ, તા. ૨૨

ઐતિહાસિક અને ચમત્કારીક મગરવાડા તિર્થ સ્થાન

શ્રી માણિભદેવીર દાદાનું મંદિર બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના મગરવાડા ગામે આવેલ છે. અહીં દર સુદ પાંચમે દર્શનાર્થીઓની ભારે ભીડ જામે છે. તેમાં પણ આસો સુદ-પાંચમની મોટી પાંચમે મગરવાડા ગ્રામજનો દ્વારા વર્ષોની પરંપરા મુજબ યજ્ઞ યોજાય છે જેમાં હજારો કિલો ઘી દાદાના ભક્તો દ્વારા ધરાવવામાં આવે છે અને ઘીમાં તરબોળ સુખડી/શ્રીફળનો પ્રસાદ આરોગી યાત્રાળુઓ ધન્યતા અનુભવે છે. મગરવાડા તિર્થ સ્થાનના ગાદીપતિ યતિ વર્ય શ્રી વિજય સોમ મ. સા. જયારથી મગરવાડા તિર્થસ્થાનની પાવન ધરતી પર પધાર્યા છે ત્યારથી મગરવાડા તિર્થ સ્થાનનો જેટ ગતિએ વિકાસ કરી ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામોની હરોળમાં આગવું સ્થાન પામ્યું છે. ધાર્મિક પ્રવૃત્તિઓની સાથે સાથે જીવદયા, માનવ સેવા, શિક્ષણ, આરોગ્યની પ્રવૃત્તિઓ પણ ધમધમતી થઈ છે.

દરમિયાન કોરોના વાઈરસ રોગચાળાના સંક્રમણને ધ્યાને રાખી જિલ્લા કલેક્ટરની સુચના અનુસાર વર્ષોથી યોજાતો આસો સુદ-પાંચમ નો મહામેળો મોકૂફ રાખી કરવઠાનો યજ્ઞ યોજવામાં આવ્યો હતો, જેમાં સોશ્યલ ડિસ્ટન્સ સહિત સરકારની ગાઈડલાઈનનો ચુસ્ત અમલ કરવામાં આવ્યો હતો. દૂર દૂરથી પધારેલ યાત્રાળુઓએ પણ સહકાર આપતા આસો સુદ પાંચમનો મહામેળો સુખરૂપ સંપન્ન થયો હતો તેવું સરપંચ પ્રકાશસિંહ સોલંકીએ જણાવ્યું હતું.

ડૉક્ટર નકલી ફી અસલી કરતા વધુ વસુલતા ઊંટવૈદ્યનો અરવલ્લીમાં રાફડો

મોડાસાના નવા વાઘોડિયા અને ભિલોડાના ટોરડા ગામના બોગસ તબીબ સામે ફરીયાદ

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. બીજી બાજુ કોરોના મહામારીમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મુન્નાભાઈ એમબીબીએસ પણ બિલાડીની ટોપની માફક દવાખાના ખોલી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યા છે. જિલ્લા આરોગ્ય તંત્રના આંખ આડે કાન કરવાની નીતિના પગલે કોરોનાની મહામારીને અવસરમાં પલટી ગ્રામ્ય વિસ્તારની ભોળી પ્રજાને લૂંટી રહ્યા છે. જિલ્લાના મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારોમાં પેટી ડોક્ટર ફરતા જોવા મળવા સામાન્ય છે પરંતુ આરોગ્યતંત્રને ઊંટવૈદજ્યો દેખાતા નથી. મોડાસાના નવા વાઘોડિયા અને ભિલોડાના ટોરડા ગામે આરોગ્યતંત્રએ બે નકલી તબીબો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરતા પેટી ડૉક્ટરોમાં ફફડાટ ફેલાયો છે.

અરવલ્લી આરોગ્ય તંત્રની મોડેમોડે જાણે આરોગ્ય વિભાગની આંખ ઉગડી હોય તેમ મોડાસા તાલુકાના નવા વાઘોડિયા ગામે ઘરને દવાખાનું બનાવી સારવાર કરતા બોગસ તબીબ રણજીત કોદરસિંહ સોલંકી નામના બની બેઠેલા તબીબને એલોપેથિક સારવાર કરતો ઝડપી લઈ મોડાસા તાલુકા આરોગ્ય અધિકારીએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ભિલોડા તાલુકાના ટોરડા ગામે ગોરધન મણીલાલ પટેલ નામનો શખ્સ વગર ડિગ્રીએ એલોપેથિક દવા કરતો હોવાની બૂમો ઉઠતા ભિલોડા આરોગ્ય અધિકારીએ રેડ કરતા નકલી ડોક્ટર નાસી છૂટતા ભિલોડા પોલીસ સ્ટેશને અરજી આપી ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી હતી.

મોડાસા તાલુકાના બોલુન્દ્રા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર અને તેમની ટીમે નવા વાઘોડિયા ગામે ઘરમાં દવાખાનું બનાવી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા રણજીત કોદરસિંહ મુન્નાભાઈ એમબીબીએસને ત્યાં રેડ કરી ઉટવૈદ્યના ઘરેથી મોટા પ્રમાણમાં એલોપેથિક દવાઓ, ઈન્જેક્શન અને બાટલાઓ મળી આવ્યા હતા તેમજ એક્સપાયર ડેટ થઈ ગયેલ જથ્થો મળી આવતા તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ભિલોડા તાલુકાના ટોરડા ગામે ગોરધન મણીલાલ નામનો શખ્સ દવાખાનું ખોલી એલોપેથિક દવાઓ કરી લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં કરતો હોવાની બૂમો ઉઠતા ભિલોડા તાલુકા આરોગ્ય અધિકારીએ તેમની ટીમ સાથે રેડ કરતાં રેડની ગંધ આવી જતા મુન્નાભાઈ એમબીબીએસ દવાખાનાને તાળું મારી રફુચક્કર થઈ જતા આરોગ્ય અધિકારીએ દવાખાના બહાર નોટીસ ચીપકાવી ગોરધન મણિલાલ પટેલ સામે કાયદેસરની કાર્યવાહી કરવા ભિલોડા પોલીસને લેખીત જાણ કરતા ભિલોડા પોલીસે નકલી તબીબ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી હતી.

અરવલ્લી એલસીબીના પાંચ કર્મીઓ સહીત ૧૫ પોલીસકર્મીઓની સાગમેટે બદલી કરાઈ

કોઈ પણ પ્રકારનો બેક રેફરેન્સ નહી ચાલે એસપી સંજય ખરાત

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે વધુ એકવાર પોલીસકર્મીઓનો બદલીનો ગંજીપો ચીપ્યો છે જેમાં અરવલ્લી જીલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા ડ્રાઈવર, ૪ પોલીસકર્મી સહીત ૧૫ કર્મચારીઓની બદલીનો આદેશ કરતા પોલીસબેડામાં ખળભળાટ મચી ગયો છે. સતત પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની બદલીઓ થતા પોલીસતંત્રમાં ચણભણાટ શરૂ થયો છે, સાગમેટે ૧૫ પોલીસકર્મીઓની બદલીઓ થતા કહી ખુશી કહી ગમ જેવો માહોલ પ્રવર્તી રહ્યો છે. આ સાગમટે કરાયેલી બદલીઓ પોલીસની કાર્યદક્ષતા સુધારવા કરાઈ હોવાની ચર્ચાઓને લઈ કેટલાક વહીવટીદારોમાં સોપો પડી ગયો છે. જયારે ઈમાનદાર કર્મીઓમાં આનંદ છવાયો છે.

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે ચાર્જ સંભાળ્યા બાદ જીલ્લામાં વિવિધ પોલીસ સ્ટેશન અને વિવિધ શાખાઓમાં ફરજ બજાવતાં પોલીસકર્મીઓની કામગીરીની સમીક્ષા કરી ફરજમાં નિષ્ક્રય તથા એક સ્થળે વર્ષોથી ચીટકી રહેલાં કર્મચારીઓની બદલી કરી પોલીસતંત્રમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓને સુધારણા માટે સંકેત આપ્યા છે. અરવલ્લી એલસીબીમાં ફરજ બજાવતા મોહનસિંહ ફતેસિંહ, અનીલ કુમાર અંબાલાલ, નરેન્દ્રસિંહ પદમસિંહ, સંજયકુમાર મનોજભાઈ અને નરેશકુમાર પથુભાઈ નામના પોલીસકર્મીઓની જીલ્લામાં વિવિધ પોલીસ સ્ટેશનમાં બદલી કરવામાં આવતા પોલીસીબેડમાં ખળભળાટ મચ્યો છે તેમજ મોડાસા રૂરલ અને એમટીમાં ફરજ બજાવતા એક એક અને હેડક્વાટર ખાતે ફરજ બજાવતા ૮ પોલીસ કર્મચારીઓની પણ બદલી કરી દીધી હતી.

અરવલ્લી પોલીસ અને તેમની કામગીરી કોઈને કોઈ કારણોસર હંમેશા ચર્ચા સ્થાને રહી છે. છેલ્લા કેટલાક સમયથી ગૃહખાતાની આડપંપાળ અને ભ્રષ્ટ અધિકારીઓની કારણે જિલ્લા પોલીસની છાપ ખરડાઈ છે. મોટેભાગે વિદેશી દારૂની હેરાફેરી સામે જાણી જોઈ કરાતા આંખ આડા કાન, બુટલેગરો સાથેની ભાઈબંધીને લઈ જિલ્લામાં ઘરફોડ તસ્કરો પણ પોલીસ કબ્જામાંથી દારૂ ચોરતાં શીખી ગયા છે. શામળાજી પોસઈને તાજેતરમાં જ બુટલેગરને મદદરૂપ થવાના કારણોસર ફરજ મોકૂફ કરી દેવાયા હતા.

બાયડ પોલીસ સ્ટેશને બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

૨૧ ઓક્ટોમ્બર એટલે પોલીસ શહિદ દિન તરીકે ઉજવવામાં આવે છે. આ ૨૧ ઓક્ટોમ્બરના રોજ બાયડ ખાતે આવેલી બાયડ પોલીસ સ્ટેશનમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં પોલીસ કર્મચારીઓ સહયોગ આપ્યો હતો. આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૬૩ બોટલ રકત એકત્રિત કરવામાં આવી હતી. ૨૧મી ઓક્ટોમબરે પોલીસ શહીદ દિન નિમિત્તે જીલ્લા પોલીસ દ્વારા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ વિવિધ સ્થળોએ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં આપનું રકત કોઈકની જીંદગી બચાવી શકશે તેવા આશયથી રકતદાન કેમ્પમાં બાયડ પોલીસ સ્ટેશનમાં સવારે ૯ થી ૪ વાગ્યા સુધીમાં કોરોના મહામારીમાં ગાઈડલાઈન મુજબ યોજવામાં આવ્યો હતો. જેમાં બાયડ પી.આઈ.એન.જી. ગોહિલ તથા પોલીસ કર્મચારી, હોમગાર્ડ તથા અન્ય પ્રજાજનોએ ભાગ લીધો હતો.

૧૦૭ ઘરફોડ ચોરીના ગુન્હામાં સંડોવાયેલ ચોર જેલના સળિયા પાછળ

અરવલ્લી પેરોલ ફર્લો સ્કોડે રાજસ્થાનના વીંછીવાડામાંથી ઉઠાવી લીધો

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ઘરફોડ ચોરી, લૂંટ, વાહન ચોરી, ગેરકાયદેસર હથીયાર વેચાણ કે પછી વિદેશી દારૂની હેરાફેરીમાં મોટેભાગે રાજસ્થાનની ગેંગની સંડોવણી હોવાનું બહાર આવતું હોય છે. બંને જીલ્લાની સરહદો રાજસ્થાનને અડીને આવેલી હોવાથી ચોરી, લૂંટની ઘટનાને અંજામ આપી રાજસ્થાનમાં સરકી જતા હોવાથી પોલીસ માટે પણ પડકારજનક સ્થિતી પેદા થતી હોય છે. થોડા મહિના અગાઉ ડીવાયએસપી ભરત બસીયાએ કુખ્યાત બુટલેગર પંચોલીને રાજસ્થાનમાંથી તેના ઘર આગળથી દબોચી લીધો હતો ત્યારે અરવલ્લી પેરોલ ફર્લો ટીમે નાસતા-ફરતા આંતર રાજ્ય ગેંગના આરોપીઓને ઝડપી પાડવા

રાજસ્થાનમાં પડાવ નાખી તપાસ હાથ ધરી હતી ત્યારે વીંછીવાડામાંથી બાતમીના આધારે રાજ્યમાં ૧૦૭ ઘરફોડ ચોરીમાં સંડોવાયેલ અને ત્રણ વર્ષથી ફરાર બચુ ઉર્ફે બસંતીલાલ નામના રીઢા ગુન્હેગારને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અરવલ્લી પેરોલ ફર્લોના પીએસઆઈ કે. એસ. સીસોદીયા અને તેમની ટીમે અરવલ્લી જિલ્લા સહીત રાજ્યમાં ગુન્હા આચરી નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા રાજસ્થાન વીંછીવાડા વિસ્તારમાં તપાસ હાથ ધરી બાતમીદારો સક્રિય કરતા ભિલોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે ઘરફોડ ચોરીના ગુન્હામાં અને રાજ્યમાં ૧૦૭ ઘરફોડ ચોરીના ગુન્હામાં સંડોવાયેલ બચુ ઉર્ફે બસંતીલાલ વીંછીવાડા આવવાનો હોવાની બાતમી મળતા વીંછીવાડામાં બાતમીના સ્થળે વોચ ગોઠવી દીધી હતી. ત્યારે બચુ ઉર્ફે બસંતીલાલ મથુરભાઈ ઉર્ફે મથુરાજી રોતને ઝડપી લીધો હતો ઘરફોડ ચોર બચુ ઉર્ફે બસંતીલાલ તેના વિસ્તારમાં ત્રણ વર્ષથી બિંદાસ્ત ફરતો હતો ત્યારે પેરોલ ફર્લો ટીમે દબોચી લેતા બચુ ઉર્ફે બસંતીલાલ પોલીસ પકડથી છટકવા ભારે હવાતિયા માર્યા હતા.